જાન્યુઆરી ૨૦૧૫

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## ફ્રેન્ડશિપ



## સંપાદકીય

બાળમિત્રો,

આપણા જીવનમાં સૌથી વહાલામાં વહાલી વ્યક્તિ હોય તો તે છે ફ્રેન્ડ. ફ્રેન્ડ મળે એટલે આખી દુનિયા મળી ગઈ. પણ આજકાલ તો ફ્રેન્ડ સાથે પણ કેટલા ઝઘડા થાય છે, ખરું ને? એના માટે આપણને ફરિયાદો રહ્યા જ કરતી હોય છે. રોજ જેની સાથે રમવાનું એની સાથે જ ઝઘડવાનું. આવું કેવી રીતે ચાલે?

તો આવો, આજે આપણે આ અંક વાંચીને સાચા ફ્રેન્ડ કેવા હોય? સાચી ફ્રેન્ડશિપ કેવી હોય? સારા ફ્રેન્ડ કેવી રીતે બનાય? એ સમજીએ અને સારા ફ્રેન્ડ બનવાની શરૂઆત કરીએ.

-ડિમ્પલ મહેતા

## અનુક્રમણિકા


3 જ્ઞાનીઓ કહે છે...
૪ ખરી મિત્રતા
૮ આ તો નવી જ વાત
૧૦ ડેમન અને પીથીયસ
૧૩ ચાલો રમીએ...
૧૪ તમારી જાતને ચકાસી જુઓ !
૧૬ ઐતિહાસિક ગૌરવગાથાઓ
૧૮ મીઠી યાદેં


# ફ્રેન્ડશિપ અક્રમ એક્સપ્રેસ


તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૭, અંક : ૫
સળંગ અંક : ૭૭
જાન્યુઆરી ૨૦૧૫



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Printed at
Amba Offset
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.


લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# જ્ઞાનીઓ કહે છે...



નીરુમાઃ ફ્રેન્ડ તો એનું નામ કે એના વગર ચાલે નહીં ફ્રેન્ડશીપ કોને કહેવાય કે એકબીજાના પુરક બનીને નભાવે. આપણી ભૂલ થઈ ગઈ હોય તોય એને આપણી જોડે ફ્રેન્ડશિપમાં ફેર ના પડે. ઉપરથી એ આપણને સારો રસ્તો બતાડે કે 'આ તારી ભૂલ થઈ છે, તું ચેતજે, તારા માટે હિતકારી નથી.' એવું આપણને સમજાવે. આપણને સાચા રસ્તે લઈ જાય.


પ્રશ્નકર્તા : કોઈની પણ સાથે હું ફ્રેન્ડશિપ કરું છું તો એ તૂટી જ જાય છે. આ ફ્રેન્ડશિપ તૂટવાના ક્યા કારણો છે?

નીરુમા : દોષ જોવા માંડ્યા ત્યારથી ફ્રેન્ડશિપ તૂટવા માંડે. જરાક આપણું અવળું બોલ્યો અથવા ના ગમતું બોલ્યો તો મહીં તરત અંતર પડે, પછી મન ઊંચા થઈ જાય, પછી એક બીજાનું મોઢું જોવાનું ના ગમે. નેગેટિવ દેખાડે ને એટલે પ્રેમ ના હોય. આપણે ક્યાંય નેગેટિવને જમા નહીં કરવાનું. નેગેટિવ ના થાય તો આપોઆપ ફ્રેન્ડશિપ ટકે.


પ્રશ્નકર્તા : આપણે આપણા ફ્રેન્ડ જોડે ફ્રેન્ડશિપ ટકાવવી હોય તો શું કરવું?

નીરુમા : જો ફ્રેન્ડશિપ ટકાવી રાખવી હોય તો જતું કરવું જ પડે, સામસામે એડજસ્ટમેન્ટ લેવા જ પડે. આપણને ન ગમતું હોય એવું એનું થોડું આપણે ચલાવી લઈએ, આપણું એ ચલાવે, આવું સામસામે હોય તો જ ફ્રેન્ડશિપ ટકે. પણ જો એવું રાખીએ કે મને જેવું ગમે છે એવું જ એ કરે, તો ધીમે ધીમે ભેદ પડવા લાગે. બુદ્ધિ ફ્રેન્ડનું નેગેટિવ દેખાડવા લાગે. અને જ્યારથી એની ભૂલો દેખાવાની શરૂઆત થઈ ત્યારથી જાણવું કે ફ્રેન્ડશિપ હવે નહીં ટકે.


# ખરી મિત્રતા



તળાવ પાસે યોજાનાર 'મિસ ડકલીંગ' કોન્ટેસ્ટ (સ્પર્ધા) માટે બધા જ બતકો ખૂબ ઉત્સુક હતા. સુંદર લાગવા માટે બધા જ અવનવા ઉપાયો કરી રહ્યા હતા.
પણ ચકીને સુંદર દેખાવવામાં કોઈ રસ નહોતો. એ હંમેશા ખુશ રહેતી અને પોતાની આજુબાજુ ખુશી ફેલાવતી.
અરે વાહ ગ્રેસી, તું તો બહુ ફાઈન લાગે છે.
થેન્કસ, તારે પણ કોન્ટેસ્ટમાં ભાગ લેવો જોઈએ. શું આટલી સાદી-સીધી થઈને ફરે છે ?
મને એમાં રસ નથી. આવતા અઠવાડિયે મારા ઘરે એક નાની પાર્ટી છે. ફીલી દેડકો, ટોલી કાચબો અને મોસ ઉંદર આવવાના છે. તું પણ આવજે.
નો વે ! એવા 'લો-ક્લાસ' પ્રાણીઓ સાથે રહીને, હું મારા મિત્રો સામે મારી ઈમેજ ખરાબ ના કરું.
ગ્રેસી, નાનપણથી એ બધા આપણા ફ્રેન્ડસ છે. આપણે કેવું હળીમળીને રહેતા હતા.
જા, જા, પણ મને હવે તારા ગામડિયા ફ્રેન્ડસનું કંઈ કામ નથી
કહી ગ્રેસી જતી રહી.



થોડી ક્ષણો માટે ચકી હેબતાઈ ગઈ. પછી બેઠા બેઠા એણે રેતી પર લખ્યું, “આજે મારી ફ્રેન્ડે મારું અપમાન કર્યું.”
ત્યાં તો ચકીના ફ્રેન્ડસ ટોલી અને મોસ આવ્યા. ધૂળ પર ચકીએ લખેલું લખાણ વાંચીને એમને નવાઈ લાગી. પણ એ વખતે કોઈએ એને કંઈ પૂછ્યું નહીં.
ત્યાં તો ફીલી દેડકો કૂદતો કૂદતો આવ્યો.
જલ્દી ચાલો, ‘મિસ ડકલિંગ’ કોન્ટેસ્ટ શરૂ થવાની છે.
બધા બતકો તળાવ પાસે હસીમજાક કરી રહ્યા હતા. ચકી અને એના મિત્રો, દૂર એક ટેકરી પર કોન્ટેસ્ટની મજા માણવા બેઠા.
ત્યાં તો અચાનક હવામાં રાઈફલના “બૂમ ...બૂમ....બૂમ” ધમાકા સંભળાયા. શિકારીઓને જોઈ બધા જ બતકો ઉડીને એક સુરક્ષિત સ્થળ પર ભેગા થઈ ગયા.


બધા જ બતકો સુરક્ષિત હતા, પણ ગ્રેસીને બહુ ઈજા થયેલી. ચકી, ગ્રેસી પાસે ગઈ
ગ્રેસી, ચિંતા નહીં કર. તને સારું થઈ જશે.
ચકીએ બીજા બતકો પાસે ગ્રેસી માટે મદદ માંગી પણ સહુએ મોઢું ફેરવી દીધું.
ઓહ નો ! અમે અમારા સુંદર પીંછા ગંદા ના કરીએ.
અને ધીરે ધીરે ગ્રેસીના કહેવાતા મિત્રો, ગ્રેસીને ઈજાગ્રસ્ત મૂકીને ચાલ્યા ગયા.
ચકીના મિત્રો મોસ, ફીલી અને ટોલી ગ્રેસીની મદદ માટે દોડી આવ્યા અને ગ્રેસીને ઊંચકીને ચકીના ઘરે લઈ ગયા.
થોડા કલાકોમાં ગ્રેસીને સ્વસ્થતા આવી.
ચકી, જેમને હું મારા મિત્ર માનતી હતી એ બધાએ મને ખરા વખતે છોડી દીધી. અને તમે લોકોએ મારી જાન બચાવી.
ગ્રેસી, ખરી મિત્રતા જ એને કહેવાય કે જરૂરિયાતના સમયે એક મિત્ર બીજા મિત્રની હેલ્પ કરે અને એને સાચવી લે.


હવે ગ્રેસીને ખરી ફ્રેન્ડશિપનો અર્થ સમજાયો. એણે સાચા દિલથી ચકી, મોસ, ફીલી અને ટોલીની માફી માંગી.
બહાર જઈને ચકીએ એક પથ્થર પર કોતર્યું, ''આજે મારા મિત્રોએ એક બીજા મિત્રની જાન બચાવી'' તે જ સમયે મોસ, ફીલી અને ટોલી ત્યાં આવ્યા.
આજે મારા મિત્રોએ બીજા મિત્રની જાન બચાવી
ચકી, જ્યારે ગ્રેસીએ તને ધક્કો માર્યો, ત્યારે તેં ધૂળમાં લખ્યું, અને અત્યારે પથ્થર પર કોતર્યું, એવું કેમ ?
જેમ ધૂળમાં લખેલું લખાણ પવનથી ભૂંસાઈ જાય, તેમ કોઈ મિત્ર આપણને દુઃખ આપે તો તે પીડાને ક્ષમાથી ભૂંસી નાખવી અને મિત્રનું નેગેટિવ ના જોવું.
પણ કોઈ મિત્ર કંઈ ભલું કરે, તો તે ભલાઈને પથ્થર પરની કોતરણીની જેમ દિલમાં કોતરી રાખવું અને કદી ના ભૂલવું.
ખૂણામાં ઊભેલી ગ્રેસીએ ચકીની વાતો સાંભળી. એને ફ્રેન્ડશિપના ખરા મૂલ્ય સમજાયા. એ વખતે એણે નક્કી કર્યું કે એણે જીવનમાં કેવા મિત્ર રાખવા હતા અને એણે કેવા મિત્ર બનવું.

ફ્રેન્ડશિપમાં સારા ફ્રેન્ડ બનવાની શરૂઆત આપણે જ કરવી. આપણને જે નથી ગમતું એવું આપણે કોઈ સાથે ન કરવું. જો આપણને આપણો ફ્રેન્ડ ઘડી ઘડી રિસાઈ જાય, આપણને એની વસ્તુ ન આપે, મોઢું ચડાવીને ફરે, બીજાને દુઃખ થાય એવું વર્તન કરે, આવું કંઈ પણ કરે તો આપણને ગમે ? ના. તો આપણે સમજવું કે આપણે પણ જો બીજા સાથે આમાનું કંઈ પણ કરીશું તો કોઈને નહીં ગમે. કોઈ આપણો ફ્રેન્ડ બનવાનું



# આ તો

સાથે

સાથે સામો ન ગમતું કંઈ કરે તો એનું નેગેટિવ જોવામાં પણ નથી પડવું. એના માટે દિલથી પ્રાર્થના કરવી અને આપણાથી કોઈને દુઃખ થઈ જાય તો સાચા દિલથી માફી માંગી લઈ પાછા ફરી જવું.






ફ્રેન્ડ
માટે નેગેટિવ ઊભું થાય તો
એમાં સહમત ના
થવું, 'હું આમાં જરાય સહમત
નથી' કહી ઉખાડીને ફેકી દેવું.
તો જ ફ્રેન્ડશિપ ટકે.

# નવી જ વાત !



ફ્રેન્ડ આપણું કામ કરી
આપે તો જ આપણે એનું કામ કરી
આપીએ, આવું ફ્રેન્ડશિપમાં ના હોય.
પછી એ આપણું બગાડી નાખે એટલે
આપણે એનું બગાડી નાખીએ. તો એ
ફ્રેન્ડશિપની કિંમત જ શું ? આ તો ચણા
- મમરાના ભાવની ફ્રેન્ડશિપ
કહેવાય.



# ડેમન અને પીથીયસ

હજારો વર્ષ પહેલાની આ વાત છે. ક્રાઈસ્ટ પહેલાની ચોથી સદીમાં, ફિલોસોફર પાયથાગોરસના અનુયાયીઓ ડેમન અને પીથીયસની અજબગજબની મૈત્રીના ગુણલા આજે પણ ગવાય છે.

ડેમન અને પીથીયસ નાનપણથી જ ખાસ મિત્રો હતા. ક્યારેય તેમણે એક બીજાનું નેગેટિવ નહોતું જોયું, અને બંનેને એક બીજા પ્રત્યે સંપૂર્ણ વિશ્વાસ હતો. બંનેને દિલમાં ખાતરી હતી કે જરૂરિયાતના વખતમાં બંને એકબીજા માટે હાજર રહેશે જ.

એકવાર બંનેની મૈત્રિની સખત પરીક્ષાનો વખત આવી પડ્યો!

બન્યું એવું કે સીરેક્યુસના રાજા ડાયનીસ્યસે જ્યારે પીથીયસના જાહેર ભાષણો સાંભળ્યા, ત્યારે તેમને પીથીયસ પર અત્યંત ક્રોધ આવ્યો. પીથીયસ પોતાના ભાષણોમાં લોકોને કહેતો કે કોઈ પણ મનુષ્યનો બીજા મનુષ્ય પર અસીમિત કાબુ ના હોવો જોઈએ. એવો કાબુ રાખનાર સત્તાધીશ, જુલમી અને અન્યાયી કહેવાય.

ક્રોધિત રાજાએ ડેમન અને પીથીયસને પોતાના દરબારમાં બોલાવ્યા.

પીથીયસને ધમકી આપતા કહ્યું, "તું રાજદ્રોહની વાતો ફેલાવી રહ્યો છે. તું તારા વચનો પાછા લઈ લે, નહીંતર તારે બહુ ખરાબ પરિણામ ભોગવવું પડશે."

"જો કોઈ રાજાએ પ્રજાની પરવાનગી વગર સત્તા પોતાના હાથમાં લઈ લીધી હોય તો તે અન્યાય જ છે અને એ વચનો હું પાછા નહીં જ લઉં" પીથીયસે નીડરતાથી પોતાનો અભિપ્રાય રાજા સામે રજુ કર્યો.

"તો પછી તારે મરવું પડશે. તારી કોઈ છેલ્લી ઈચ્છા છે ?" કોઈ પણ જાતની લાગણી વગર રાજાએ પોતાનો ચુકાદો જાહેર કર્યો.

"હા, આપ મને એકવાર ઘરે જવાની પરવાનગી આપો, જેથી હું મારી પત્ની અને બાળકોને મળી આવું" ખૂબ નમ્રતાથી પીથીયસે પોતાની છેલ્લી ઈચ્છા વ્યક્ત કરી.

વ્યંગ હાસ્ય સાથે રાજા બોલ્યો, "મને લાગે છે કે તને હું ફક્ત જુલમી અને અન્યાયી જ નહીં પણ બેવકૂફ પણ લાગું છું. પણ તું સમજે છે એવો હું બેવકૂફ નથી. હું તને મારા નગરમાંથી બહાર જવા દઉં તો મને ચોક્કસ ખાતરી છે કે તું પાછો નહીં આવે."

**"સારું, મને મંજુર છે. પણ ડેમન, જો તારો મિત્ર પીથીયસ પાછો ના ફરે, તો એનો મૃત્યુદંડ તને મળશે. તને મંજુર છે ?"**

"હું તમને બાંહેધરી આપું છું કે હું પાછો ફરીશ." પીથીયસ બોલ્યો.

"એવી તો શું બાંહેધરી તું મને આપી શકે જેથી મને વિશ્વાસ આવે કે તું પાછો ફરીશ ?

એ જ ક્ષણે, પીથીયસનો ખાસ મિત્ર ડેમન, જે પોતાના મિત્ર પાસે શાંતિથી ઊભો હતો, તે બોલી ઉઠ્યો, "હું પીથીયસની બાંહેધરી લઈશ. જ્યાં સુધી પીથીયસ પાછો ના ફરે ત્યાં સુધી આપ મને કેદી તરીકે રાખી શકો છો. અમારી મિત્રતા તો જગજાહેર છે. એટલે તમને ખાતરી રહેશે કે પીથીયસ ચોક્કસ પાછો ફરશે."

થોડી ક્ષણો માટે રાજા ચુપ થઈ ગયો. પછી બોલ્યો, "સારું, મને મંજુર છે. પણ ડેમન, જો તારો મિત્ર પીથીયસ પાછો ના ફરે, તો એનો મૃત્યુદંડ તને મળશે. તને મંજુર છે ?"

"પીથીયસ ચોક્કસ પાછો ફરશે. એમાં મને જરાય શંકા નથી" વિશ્વાસપૂર્વક ડેમન બોલ્યો. અને આમ પીથીયસને થોડા દિવસ માટે મુક્ત કરવામાં આવ્યો અને ડેમન એના મિત્રને ખાતર જેલનો કેદી બન્યો.

દિવસો પસાર થવા લાગ્યા. અમુક દિવસો પછી જ્યારે પીથીયસ પાછો ના ફર્યો, ત્યારે રાજાને ડેમનની પરિસ્થિતિ જોવાની કુતુહલતા થઈ. રાજાને જાણવું હતું કે ડેમનને પોતાના નિર્ણય પર પસ્તાવો થઈ રહ્યો છે કે નહીં.

ડેમન પાસે જઈ રાજાએ પૂછ્યું, "સમય પતવા આવ્યો છે પણ પીથીયસના પાછા ફરવાના કોઈ અણસાર જણાતા નથી. મૂર્ખ, તે મિત્ર પર કેટલો ખોટો વિશ્વાસ મૂક્યો ? તને શું લાગ્યું કે એ તારા માટે પોતાના જીવનનું બલિદાન આપવા પાછો ફરશે ?"

ખૂબ સ્થિરતાપૂર્વક ડેમને કહ્યું, "મને સંપૂર્ણ ખાતરી છે કે એ પાછો ફરવાનો પૂરેપૂરો પ્રયાસ કરી રહ્યો હશે. કોઈ અણધાર્યા સંજોગોને કારણે એ હજી સુધી પાછો નથી ફરી શક્યો.

પણ એના પ્રત્યે મને તલભાર પણ શંકા નથી.''

ડેમનનો વિશ્વાસ જોઈ રાજા સ્તબ્ધ થઈ ગયો.


''જલ્દી જ ખબર પડી જશે'' એમ કહી રાજા જેલમાંથી બહાર નીકળ્યો.

અને આખરે સજાનો દિવસ આવી ગયો. ડેમનને જેલમાંથી બહાર કાઢી ફાંસી આપવાના સ્થળે લઈ જવામાં આવ્યો.

''તારો મિત્ર તો આવ્યો નહીં'' અટ્ટહાસ્ય સાથે રાજા બોલ્યો, ''હવે બોલ, તું એના માટે શું વિચારે છે?''

''એ મારો મિત્ર છે. મને એના પર સંપૂર્ણ વિશ્વાસ છે. મને એનો એક પણ દોષ નથી દેખાતો'' ડેમને જવાબ આપ્યો.

ત્યાં તો અચાનક ખંડના દરવાજા ખુલ્યા અને ઈજાગ્રસ્ત પીથીયસ દાખલ થયો. પોતાના મિત્રને જીવિત જોઈ એની ખુશીનો પાર ના રહ્યો.



દોડીને પોતાના મિત્રને ગળે વળગી પડ્યો, ''પ્રભુનો લાખ લાખ આભાર કે તું સુરક્ષિત છે! એવું લાગતું હતું જાણે વિધાતાને આપણી દોસ્તીની પરીક્ષા લેવી હતી. પાછો ફરી રહ્યો હતો ત્યારે મારું જહાજ વાવાઝોડામાં ફસાઈ ગયું. એ વાવાઝોડામાંથી બચ્યો ત્યાં તો રસ્તામાં ડાકુઓએ મારા પર હુમલો કર્યો. પણ મેં આશા નહોતી છોડી, અને આખરે હું સમયસર પહોંચી ગયો. હું મારી ફાંસીની સજા સ્વીકારવા તૈયાર છું.''


પીથીયસના શબ્દો સાંભળી રાજા ભારે અચરજ પામ્યો. આવી ગાઢ મૈત્રી જોઈ રાજાની આંખો ખુલી. એણે જાહેર કર્યું, ''હું ફાંસીની સજા પાછી ખેંચું છું. મૈત્રીમાં આવી નિષ્ઠા અને પ્રેમ સંભવ છે એ દેખાડવા બદલ હું તમને સ્વતંત્રતાથી પુરસ્કૃત કરું છું. પણ એક વિનંતી છે.''

''શું વિનંતી?'' મિત્રોએ પૂછ્યું,

રાજાએ વિનમ્રતાથી કહ્યું, ''મારે પણ આવી અદ્‌ભૂત મિત્રતા કેળવવી છે. મને શીખવાડશો?''

# ચાલો રમીએ...


૧. નીચેના ચિત્રોમાંથી ૧૦ તફાવત શોધો.



૨. આપેલા ચાર રસ્તામાંથી સાચો રસ્તો શોધો.



૩. ટપકાં જોડો.



# તમારી જાતને ચકાસી જુઓ !

***આ અંકમાં આપણે 'ખરી ફ્રેન્ડશિપ' કેવી હોય એની સુંદર સમજણ મેળવી. તો ચાલો. આ સમજણથી આપણે રોનકને મદદ કરીએ. ફ્રેન્ડશિપ ડેના દિવસે રોનક એના 'ખરા ફ્રેન્ડસ'ને ફ્રેન્ડશિપ બેલ્ટ બાંધવા માંગે છે.***

***નીચે આપેલા પ્રસંગોમાં રોનકના ખરા ફ્રેન્ડસ ઓળખો. રોનકે કોને કોને ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધવી જોઈએ અને કોને ના બાંધવી જોઈએ તે કારણ સાથે નીચે આપેલા ટેબલમાં લખો.***

પલંગમાં સૂતા સૂતા રોનક પાસા ફેરવી રહ્યો હતો. એનો તાવ ઉતર્યો નહોતો. ત્યાં તો ફોનની ઘંટડી વાગી. ''આંટી, હું સુમિત બોલું છું. આજે સ્કુલમાં લખેલી નોટ્સ આપવા આવું ?'' સુમિતે વિનયપૂર્વક રોનકના મમ્મીને પૂછ્યું.

જ્યારથી રોનક માંદો પડ્યો હતો, ત્યારથી રોજ સાંજે સ્કૂલ પછી, સુમિત રોનકને નોટ્સ આપવા આવતો. એટલું જ નહી, રોનકની નોટબુકમાં નોટ્સ લખી પણ આપતો.

તબિયત સારી થતાં જ રોનકે એના મિત્રો સાથે પિકનિક પર જવાનો પ્લાન બનાવ્યો. આખો દિવસ સાથે સમય વિતાવ્યા પછી, સાંજે પ્રતિકે, રોનકને ટકોર કરી, ''રોનક, હવેથી આપણે કાર્તિકને સાથે નહી લઈ જઈએ. મને એની સાથે નથી ફાવતું. સાવ લલ્લુ જેવો છે ! તને ખબર છે આજે એને શું કર્યું ?''

''શું ?'' રોનકે ઉત્સુકતાથી પૂછ્યું.

પ્રતિક કંઈ આગળ બોલવા જાય ત્યાં તો ગૌતમે એને રોક્યો,

"કાર્તિક આપણો ફ્રેન્ડ છે. એની નેગેટિવ વાતોની ચર્ચા આપણે ન કરવી જોઈએ. એનું પોઝિટિવ જોઈને એની સાથે એડજસ્ટ કરી લઈએ તો આપણને એકબીજા સાથે કેવી મજા આવે!"

ગૌતમ, પ્રતિક અને રોનકની વાતો ચાલતી હતી ત્યાં તો ફ્રેન્ડસની ટોળકી આવી પહોંચી. બધાને કકડીને ભૂખ લાગી હતી.

નજીકની રેસ્ટોરંટમાં જઈને સહુએ પાઉંભાજી ખાવાનો પ્લાન બનાવ્યો. રોનક સહુને ટ્રીટ આપવાનો હતો. બિલ પર નજર કરીને શિવ મલકાયો, "રોનક, તું તો આજે ફાવી ગયો. હોટલવાળાએ તારો ફાયદો કરાવી નાખ્યો. નવ પ્લેટના બદલે એણે ભૂલથી છ જ પ્લેટના પૈસા ચાર્જ કર્યા છે. ચાલ, પેલાને ખબર પડે એ પહેલા ફટાફટ બિલ ચૂકવીને આપણે ભાગીએ"

"ના રોનક, આપણે એવું ખોટું કરવાની શું જરૂર છે ? આવી અપ્રમાણિકતા આપણને ના શોભે," ધ્રુવે શાંતિથી કહ્યું.

બિલ ચૂકવીને બધા રેસ્ટોરંટની બહાર થોડીવાર ગપ્પા મારવા ઊભા રહ્યા.

"યાર, તમારા લોકોની સાયન્સ ટેસ્ટની તૈયારી કેવી છે ? મારી તો કંઈ ખાસ તૈયારી નથી થઈ" રોનક બોલ્યો.

"અરે, એમાં શું ચિંતા કરવાની ? બિન્દાસ રહેવાનું દોસ્ત !" રોનકના ખભે હાથ મૂકીને પુનિત બોલ્યો, "આ વખતે મારી કાપલીઓ હું તારી સાથે શેર કરીશ"

"પણ સાયન્સ ટેસ્ટને તો હજી અઠવાડિયાની વાર છે. તૈયારી માટે આપણી પાસે પુરતો સમય છે. ચીટિંગ કરીને માર્ક્સ મેળવવાનો શું ફાયદો ? જરૂર હોય તો હું તમારી સાથે ભણીશ. પણ આપણે ચીટિંગ ના કરવી જોઈએ." અભિષેક બોલ્યો.

***હવે નીચે આપેલા ટેબલમાં રોનકે કોને ફ્રેન્ડશિપ બેલ્ટ બાંધવી અને કોને ના બાંધવી તે કારણ સાથે લખો.***

| ફ્રેન્ડસ | બેલ્ટ બાંધવી (હા/ના) | કારણ |
|---|---|---|
| સુમિત | | |
| પ્રતિક | | |
| ગૌતમ | | |
| ધ્રુવ | | |
| શિવ | | |
| અભિષેક | | |
| પુનિત | | |

# ઐતિહાસિક ગૌરવગાથાઓ

(આગળના અંકમાં આપણે જોયું કે અપાર સમૃધ્ધિના સ્વામી શાલિભદ્ર પોતાની ૩૨ રાણીઓ સાથે દુનિયાના સુખો ભોગવવામાં ગુલતાન હતા. પિતાના મૃત્યુ પછી એમની માતાએ ઘરનો બધો કારભાર સંભાળી લીધો હતો. એક દિવસ રાજા શ્રેણિક એમના ઘરે પધાર્યા. માતાએ પુત્રને રાજાને મળવા નીચે બોલાવ્યા. આનાકાની કરતા માતાએ પુત્રને જણાવ્યું કે તેઓ આપણા સ્વામી કહેવાય. સ્વામી શબ્દથી શાલિભદ્રને પોતાની પરાધિનતાનો ખ્યાલ આવ્યો. તેમણે પોતાનું સ્વતંત્ર સુખ મેળવવા દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. માતાના કહેવા પ્રમાણે તેઓ રોજ એક એક સ્ત્રીને છોડતા. હવે આગળ વાંચીએ...)

આ જ નગરમાં શાલિભદ્રના બેન-બનેવી સુભદ્રા અને ધન્ય શ્રેષ્ઠી રહેતા હતા. સુભદ્રાને જ્યારે આ વાતની ખબર પડી કે પોતાનો ભાઈ સ્ત્રી-પરિવારનો ત્યાગ કરી સંયમ ધર્મ લેવાનો છે ત્યારે તેના હૃદયને આઘાત લાગ્યો. ધન્યકુમારને સ્નાન કરાવતા કરાવતા એની આંખોમાંથી આંસુ સરી પડ્યા. આંસુ ધન્યકુમારના શરીરને અડતા એમણે સુભદ્રાને રડવાનું કારણ પૂછ્યું. વાત સાંભળી તેઓ બોલ્યા, "એમાં રડવાનું શું ? સંયમ પંથે જતા ભાઈને જોઈને બહેન રાજી થાય, ગૌરવ લે. એ કંઈ કાયરનું કામ નથી. શાલિભદ્ર તો ભીરુ (કાયર) છે એટલે રોજ એક-એક સ્ત્રીનો ત્યાગ કરે છે. વિષ કંઈ ધીરે ધીરે છોડાય ? એ તો એક ધડાકે જ છોડવું પડે."



આ ટકોરનો વળતો જવાબ આપતાં સુભદ્રા બોલી ઊઠી, "એ તો કહેવું સહેલું છે. કરવું કઠિન છે. કરો ત્યારે ખબર પડે કે કેમ કરાય છે ?"

તે જ ક્ષણે ધન્યકુમાર ઊભા થઈ ગયા અને બોલ્યા, "લે, તો મેં આજથી આઠેયનો છોડી." કહી એમણે આઠે સ્ત્રીઓ અને ઘરબાર સર્વનો ત્યાગ કરવાનું જાહેર કરી દીધું. શાલિભદ્રને ત્યાં જઈને તેમણે પોતાનો નિશ્ચય જણાવ્યો ને તેને તૈયાર થવા બળ આપ્યું. બન્નેએ ભગવાન મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી.

ત્યાર બાદ બન્ને મુનિઓ શાસ્ત્ર-ગ્રંથોનું વિધિપૂર્વક અભ્યાસ કરતા અને તીક્ષ્ણ તપ કરવા લાગ્યા. ઉગ્ર તપસ્યાના કારણે બન્નેના શરીર સાવ સુકાઈ ગયા.

ઘણો કાળ વીતી ગયો. એક દિવસ ફરતા ફરતા તેઓ શ્રી વીર ભગવાનની સાથે પોતાની જન્મભૂમિ રાજગૃહ નગરમાં આવી પહોંચ્યા. તે વખતે પોતે કરેલા મહિનાના ઉપવાસનું પારણું કરવા માટે ભિક્ષા માંગવા જવાની રજા લેવા તેઓ ભગવાન પાસે આવ્યા. ત્યારે ભગવાને શાલિભદ્રને કહ્યું, "આજે તમારી માતા પાસેથી મળેલા આહારથી તમારું પારણું થવાનું છે."

**"પોતાને ખીર ખાવાની તીવ્ર ઈચ્છા હોવા છતાંય સંગમકે પોતાનું ભાવતું ભોજન રાજી રાજી મુનિને આપી દીધુ."**

શાલીભદ્ર અને ધન્ય, ભદ્રાશેઠાણીના ઘર આગળ ઊભા રહ્યા. તપસ્યાથી તેમનું શરીર સાવ દુબળું થઈ ચુક્યું હતું, તેથી કોઈ તેમને ઓળખી શક્યું નહીં. મહાવીર ભગવાનના આગમનના સમાચાર સાંભળી ભદ્રા શેઠાણી તો પહેલા જ ભગવાનના ઉતારે જવા નીકળી ગયા હતા.

થોડીવાર ઘર પાસે ઊભા રહી બંને મુનિ પાછા વળ્યા. તેઓ નગરના દરવાજામાંથી બહાર નીકળતા હતા તેવામાં નગરમાં દહીં-ઘી વેચવા આવતી એક ગોવાળણ તેમને સામી મળી. શાલિભદ્રને જોઈ તેનામાં વાત્સલ્યભાવ પ્રગટી આવ્યો અને તેણે બન્ને મુનિને પ્રેમથી દહીં વહોરાવ્યું.

ભગવાન પાસે આવીને શાલિભદ્રે નમ્રતાપૂર્વક ભગવાનને પૂછ્યું, 'ભગવાન ! આપના કહેવા પ્રમાણે મને મારી માતા પાસેથી પારણા માટે આહાર કેમ ન મળ્યો ?'

ભગવાન બોલ્યા : હે મુનિ ! તમને દહીં ખવડાવનારી ગોવાળણ તમારી પૂર્વભવની માતા જ હતી. પૂર્વભવમાં તમે રાજગૃહની નજીકના શાલી ગામની એ ધન્યા નામની ગોવાળણના સંગમક નામના એકના એક પુત્ર હતા. એક વખત કોઈ ઉજાણીનો પ્રસંગ આવતાં ઘેર ઘેર ખીરનું ભોજન થયું. બીજા છોકરાને ખીર ખાતાં જોઈ સંગમક ઘેર આવી માતા પાસે ખીર માંગવા લાગ્યો. પોતાની સ્થિતિ ખીર ખવડાવાય તેવી ન હોવાથી ધન્યા ગોવાળણને બહુ દુઃખ થયું. તે રડવા લાગી. પડોશણોએ તેનું રડવાનું કારણ જાણી, દયાભાવથી થોડું થોડું દૂધ, ઘી વગેરે તેને ખીર બનાવવા આપ્યા. તે બધાની તેણે ખીર બનાવી. સંગમકને ખીર પીરસીને તે ઘરકામમાં ગૂંથાઈ.

એવામાં કોઈ મુનિ ભિક્ષા માગતા ત્યાં આવ્યા. ભૂખ્યા તથા દુર્બળ મુનિને જોઈ સંગમકે પોતાની ખીર તેમને આપી દીધી. મુનિ ખૂબ પ્રસન્ન થયા અને સંગમકને આશીર્વાદ આપીને ચાલ્યા ગયા. પોતાને ખીર ખાવાની તીવ્ર ઈચ્છા હોવા છતાંય સંગમકે પોતાનું ભાવતું ભોજન રાજી રાજી મુનિને આપી દીધુ. પોતાના આવા ઉચ્ચ હેતુના પ્રભાવે, બીજા જન્મમાં સંગમેકનો જીવ રાજગૃહ નગરમાં ગોભદ્ર શેઠને ત્યાં પુત્ર તરીકે જન્મ્યો. એ પુત્ર તમે જ છો, શાલિભદ્ર. અને એ ગોવાળણ તમારી પૂર્વભવની માતા હતી.

આ વાત સાંભળી, શાલીભદ્રને કર્મફળની ગુહ્યતા સમજાઈ. ત્યારબાદ તેમણે ધન્ય મુનિ સાથે ખૂબ આકરું તપ કર્યું અને યથાકાળે મૃત્યુ પામી બન્ને ઉત્તમ દેવગતિ પામ્યા.



# મીઠી યાદેં

નીરુમા સત્સંગ અર્થે એક મહાત્મા બેનના ઘરે રાત રોકાયા હતા. બીજે દિવસે એ બેને નીરુમાને ખૂબ ઉત્સાહથી પૂછ્યું, "નીરુમા, તમે જે બેડ પર સૂતા હતા એ બેડ પર હું થોડીવાર બેસું જેથી તમારામાં રહેલા પરમાણુઓ મારામાં આવે."

નીરુમાએ 'હા' કહી.

જેવા બેન એ બેડ પર બેઠા કે તરત એમને ખ્યાલ આવ્યો કે એ બેડનું લાકડું ખૂબ જ કડક છે, વાગે એવું. નીરુમા એક પણ શબ્દ બોલ્યા વગર કે કોઈ પણ ફરિયાદ કર્યા વગર એ બેડ પર સૂતા રહ્યા, એ જાણીને એમને ખૂબ દુઃખ થયું.

એમણે તરત નીરુમાને પૂછ્યું, "તમે કેમ બોલ્યા નહીં કે બેડ કડક છે?"

નીરુમા ખૂબ શાંતિથી બોલ્યા, "એ તો ચાલે."


મહાત્મા બેને તરત જ નીરુમાને બેડ બદલાવી આપ્યો.

**જ્ઞાનીઓ ચૂપચાપ કેવા એડજસ્ટમેન્ટ લેતા હોય છે!**

# પઝલના જવાબો

૧.


૨.


૩.


## તમારી જાતને ચકાસી જુઓ ! ના જવાબો

સુમિત - હા, કારણ કે જરૂરિયાતના વખતમાં સુમિતે રોનકને પ્રેમથી મદદ કરી.
પ્રતિક - ના, કારણ કે મિત્રની નેગેટિવ વાતની ચર્ચા કરી, એ ભેદ પાડી રહ્યો હતો.
ગૌતમ - હા, કારણ કે એણે મિત્રનું પોઝિટિવ જોઈ, મિત્ર સાથે એડજસ્ટ કરવાનું શીખવ્યું.
ધ્રુવ - હા, કારણ કે એણે રોનકને ખોટે રસ્તે જતા અટકાવી, પ્રામાણિકતાનો સાચો રસ્તો બતાવ્યો.
શિવ - ના, કારણ કે એણે રોનકને અપ્રમાણિકતાના ખોટે રસ્તે જવાનું પ્રોત્સાહન આપ્યું.
અભિષેક - હા, કારણ કે એને રોનકને ચીટિંગ કરતા અટકાવ્યો અને એની મદદ માટે તૈયાર હતો.
પુનીત - ના, કારણ કે એ પોતે ચીટિંગ કરીને માર્ક્સ મેળવતો, અને એણે રોનકને પણ એમ કરવા પ્રોત્સાહિત કર્યો.

## ન્યૂઝીલેન્ડ, સીંગાપોર અને ઓસ્ટ્રેલિયામાં પૂજ્યશ્રીના સાનિધ્યમાં બાળકો દ્વારા ઊજવાયેલ વિવિધ પ્રોગ્રામની એક ઝલક




















Akram Express

**January 2015**
**Year : 7, Issue : 5**
**Conti. Issue No.: 77**

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month












<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સુચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં **#** હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં **# #** હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મેંગેઝિન નથી મળ્યું એ મહિનો.

Printer, Publisher and Owner - Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, Simandhar City, Adalaj-382421.Dist-Gandhinagar.